# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-10-2024** **Midday : 2.30 to 2.35**
**Day: SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## Navratri FOURTH DAY

નવલાં નોરતાંનો આજે ચોથો દિવસ છે. આજે માતાજીનાં કુષ્માંડા સ્વરૂપની પૂજા થાય છે. મા કુષ્માંડાના મધુર હાસ્યથી બ્રહ્માંડની ઉત્પતિ થઈ છે. માંના સ્વરૂપને આઠ ભૂજાઓ છે. તેમના હાથમાં કમંડળ, ધનુષ્યબાણ, કમળનું ફૂલ, અમૃત, કળશ, ચક્ર અને ગદા છે. તેઓ સિદ્ધિ પ્રદાન કરનારાં માતા છે. તેમનું વાહન સિંહ છે. માતાજીની આરાધનાથી આયુષ્ય અને આરોગ્યની વૃદ્ધિ થાય છે.

તો આ તરફ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગઈકાલે ત્રીજા નોરતે અમદાવાદના ઘાટલોડિયા, સોલા, શીલજ, હેબતપુર, શેલા અને સિંધુભવન જેવા વિસ્તારમાં વિવિધ ગરબા મહોત્સવમાં ઉપસ્થિત રહ્યા હતા.

## PANCHMAHAL GARBA

પંચમહાલ જિલ્લાના પોલીસ મુખ્યમથક ખાતે આવેલા વિશાળ પોલીસ પરેડ મેદાનમાં ગઈકાલે ખેલૈયાઓ મનમૂકીને ગરબે ઘૂમ્યા હતા. આ પ્રસંગે પંચમહાલ રેન્જ I.G. આર. વી. અસારી પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાનો પ્રતિભાવ આપતા આ મુજબ જણાવ્યું...

(બાઈટ – આર. વી. અસારી, પંચમહાલ રેન્જ IG)

## MAHESANA RUSHIKESH PATEL

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે મહેસાણા જિલ્લાના વિસનગર ખાતે સામાજિક સંસ્થા દ્વારા યોજાયેલા ગરબાનો પ્રારંભ કરાવ્યો હતો. જરૂરિયાતમંદ અને આર્થિક રીતે નબળા વર્ગના તેજસ્વી બાળકોને ઉચ્ચ અભ્યાસ માટે મદદરૂપ થવાય તે હેતુથી સંસ્થા દ્વારા આ ગરબાનું આયોજન કરાયું છે. અત્યાર સુધીમાં સંસ્થા દ્વારા મેડિકલ એન્જિનિયરિંગના ઉચ્ચ અભ્યાસ માટે 360 જેટલા વિદ્યાર્થીઓને આ પ્રકારે મદદ પહોંચાડવામાં આવી છે.

## STATE SEVA SETU

મહેસાણા જિલ્લામાં સેવાસેતુ કાર્યક્રમમાં એક હજાર 418 જેટલી અરજીનું હકારાત્મક નિરાકરણ કરાયું હતું. મહેસાણા જિલ્લાના અમારા પ્રતિનિધિ જયંતિ ચૌધરી જણાવે છે કે, વડનગર તાલુકાના સુઢિયા ગામમાં યોજાયેલા આ કાર્યક્રમમાં અરજદારોના પ્રશ્નોનું સ્થળ પર જ નિરાકરણ કરાયું. જ્યારે વિસનગર તાલુકાના વાલમ ગામમાં યોજાયેલા સેવાસેતુ કાર્યક્રમમાં અરજદારોની વિવિધ એક હજાર 209 જેટલી અરજીનો નિકાલ કરાયો હતો.

અરવલ્લીના અમારા પ્રતિનિધિ અંકિત ચૌહાણ જણાવે છે કે, બાયડ તાલુકાના આમોદરા ગામમાં દસમા તબક્કાના સેવા સેતુ કાર્યક્રમમાં વિધવા સહાય, નિરાધાર વૃદ્ધ સહાય, આરોગ્ય ચકાસણી, જાતિ અને આવકના દાખલાઓ, પૂરવઠાને લગતી અરજીઓ તેમજ કૃષિ વિભાગ અને પંચાયત વિભાગને લગતી વિવિધ સેવાઓ, આધાર કાર્ડને લગતી સુવિધાઓ પણ પૂરી પાડવામાં આવી હતી.

ગીર સોમનાથના અમારા પ્રતિનિધિ રાજેશ ભજગોતર જણાવે છે કે, પ્રભાસ પાટણ નગરપાલિકા ખાતે યોજાયેલા સેવાસેતુ કાર્યક્રમમાં એક હજાર 863 અરજીનો હકારાત્મક નિકાલ કરાયો હતો.

## BANASKANTHA ACCIDENT

બનાસકાંઠા જિલ્લામાં કાર અને મોટરસાઈકલ વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં ત્રણ યુવકના મોત નીપજ્યા છે. ધાનેરા તાલુકાના ખીંમત ગામ નજીક થયેલી આ દુર્ઘટનામાં અન્ય એક યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેમને હૉસ્પિટલમાં દાખલ કરાયાના અહેવાલ છે. પોલીસે આ મામલે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસના મતે, ધાડા ગામના ચાર યુવક ગરબા જોઈને પરત આવી રહ્યા હતા. દરમિયાન આ દુર્ઘટના સર્જાઈ હતી.

## GANDHINAGAR CABINET MEET

ગાંધીનગર ખાતે આજે સાંજે મંત્રીમંડળની બેઠક યોજાશે. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, આ બેઠકમાં કર્મચારીઓના વિવિધ પડતર પ્રશ્નો, ખેડૂતલક્ષી વિવિધ યોજનાઓ, આગામી સમયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણી સહિતના મુદ્દાઓની ચર્ચા થાય તેવી શક્યતા છે.

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એકસ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..